# T20 વર્લ્ડકપના ઈતિહાસમાં કેટલાક સૌથી મોટા વિવાદો




## 2021માં ક્વિન્ટન ડી કોકે ઘૂંટણિયે બેસવાનો ઇનકાર કર્યો

દક્ષિણ આફ્રિકાના ઓપનિંગ વિકેટકીપર-બેટ્સમેન, ક્વિન્ટન ડી કોકે, બ્લેક લાઈવ્સ મેટર ચળવળના ભાગ રૂપે મેચ પહેલા ઘૂંટણિયે પડવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે, તેમને વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચમાંથી બહાર કરવામાં આવ્યા હતા. ડી કોકે પાછળથી માફી માંગી અને તેમને ટીમમાં પુન:સ્થાપિત કરવામાં આવ્યા.

ICC મેન્સ T20 વર્લ્ડ કપે કેટલીક અવિસ્મરણીય ક્ષણો આપી છે, અને તે બધી બેટ અને બોલથી વ્યાખ્યાયિત થઈ નથી. આટલા વર્ષોમાં, ટુર્નામેન્ટમાં ઘણા વિવાદો પણ થયા છે. બાંગ્લાદેશને બહાર કરવાથી માંડીને પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચ રમવાના ઇનકારને પગલે આ T20 વર્લ્ડકપ તેની શરૂઆત પહેલા જ વિવાદમાં આવી ગયો હતો. આ પહેલા પણ T20 વર્લ્ડકપની વિવિધ એડિશનમાં એન્ડ્રુ સાયમન્ડ્સે ટીમમાંથી કાઢી મૂકવાથી લઇને ઝિમ્બાબ્વેનું સ્પર્ધામાં ક્વોલિફાય થવા છતાં તેમાંથી ખસી જવું અને દક્ષિણ આફ્રિકાના ક્વિન્ટન ડી કોક દ્વારા બ્લેક લાઇવ મેટર મામલે ઘુંટણીયે બેસવાનો ઇનકાર કરવાને અને શાકિબ અલ હસનની અમ્પાયર સાથે મેદાન પરની જીભાજોડી જેવા વિવાદો ગાજ્યા છે. આ વિવાદોમાં લોકો 2007ના પહેલા જ T20 વર્લ્ડકપમાં એન્ડ્રુ ફ્લિન્ટોફ અને યુવરાજ સિંહ વચ્ચેની જીભાજોડીને પણ સામેલ કરે છે. તે સમયે યુવરાજે સતત બે બાઉન્ડરી ફટકારતા ફ્લિન્ટોફે તેને કંઇ કહ્યું હતું અને તે પછી રોષે ભરાયેલા યુવરાજના ગુસ્સાનો શિકાર સ્ટુઅર્ટ બ્રોડ બન્યો હતો, જેને યુવરાજે એક ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા હતા.

## વિઝા ન મળતા ઝિમ્બાબ્વે 2009ના T20 વર્લ્ડકપમાં રમી ન શક્યું

૨૦૦૯નો T20 વર્લ્ડકપ ઈંગ્લેન્ડમાં યોજાવાનો હતો. ઝિમ્બાબ્વે આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થયું હતું. જોકે, ઈંગ્લેન્ડ સરકાર અને ઝિમ્બાબ્વેની મુગાબે સરકાર વચ્ચેના સંબંધો વણસ્યા હતા. પરિણામે, ઈંગ્લેન્ડે ઝિમ્બાબ્વેના ખેલાડીઓને વિઝા આપવાનો ઇનકાર કર્યો હતો. ઈંગ્લેન્ડમાં રમવા માટે તૈયાર હતા, પરંતુ આ વખતે ઈંગ્લેન્ડના ગૃહ કાર્યાલયે સંકેત આપ્યો કે તેઓ ટુર્નામેન્ટ માટે ઝિમ્બાબ્વેના ખેલાડીઓને વિઝા નહીં આપે. મધ્યસ્થી તરીકે, ICCએ ઝિમ્બાબ્વેની સંપૂર્ણ ભાગીદારી ફી ચૂકવી હતી, પરંતુ તેમની ટીમે ભાગ લીધો ન હતો અને તે પછી ઝિમ્બાબ્વેની જગ્યાએ સ્કોટલેન્ડની પસંદગી કરવામાં આવી હતી.






## 2022માં શાકિબ અલ હસનની અમ્પાયર સાથે જીભાજોડી



2022 ના T20 વર્લ્ડ કપમાં, પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ દરમિયાન, અનુભવી ક્રિકેટર શાકિબ અલ હસનનો મેદાન પરના અમ્પાયર સાથે ઉગ્ર દલીલ થઈ હતી. બાંગ્લાદેશની ઇનિંગની 11 મી ઓવરમાં, બોલ શાકિબના પેડ પર વાગ્યો, અને પાકિસ્તાને તેના માટે અપીલ કરી. પરિણામે, બાંગ્લાદેશના ઓલરાઉન્ડરને આઉટ આપવામાં આવ્યો, પરંતુ શાકિબે DRS માટે નિર્ણય લીધો, જે દર્શાવે છે કે બોલ પહેલા તેના બેટ પર અને પછી તેના પેડ પર વાગ્યો. ત્રીજા અમ્પાયરે મેદાન પરના અમ્પાયરના નિર્ણય સાથે નિર્ણય લીધો, જેના કારણે બેટ્સમેન ગુસ્સે થઇ ગયો અને ગુસ્સામાં મેદાન છોડીને ચાલ્યો ગયો.

## 2026માં બાંગ્લાદેશ ભારતમાં ન રમવાના જક્કી વલણથી બહાર

ICC નું પૂર્ણ સભ્ય એવું બાંગ્લાદેશ T20 વર્લ્ડ કપ 2026 માં ભાગ લેનારી 20 ટીમોમાંથી એક હતું. જોકે, જ્યારે BCCI એ બાંગ્લાદેશના મુસ્તફિઝુર રહેમાનને IPL 2026 સીઝનમાંથી દૂર કર્યો, ત્યારે બાંગ્લાદેશ સરકારે આ નિર્ણયને બાંગ્લાદેશનો બહિષ્કાર કરાયો હોય તેમ જક્કી વલણ અપનાવીને ભારતમાં પોતાના ખેલાડીઓની સુરક્ષા સામે જોખમ હોવાનું કહીને T20 વર્લ્ડકપ 2026 માં તેમના ખેલાડીઓ ભારતમાં મોકલવાનો ઇનકાર કરીને પોતાની મેચ શ્રીલંકામાં ખસેડવાની માગ કરી. ICC એ ઘણીવાર સમજાવ્યા છતાં બાંગ્લાદેશે પોતાના વલણમાં ફેરફાર ન કરતાં આખરે તેને વર્લ્ડકપમાંથી દૂર કરીને તેના સ્થાને સ્કોટલેન્ડને સામેલ કરવામાં આવ્યું.



## બેડ બોય એન્ડ્રુ સાયમન્ડ્સને ઘરે મોકલી દેવાયો

ઓસ્ટ્રેલિયાના શાનદાર ઓલરાઉન્ડર એન્ડ્રુ સાયમન્ડ્સને કોઈ પરિચયની જરૂર નથી. જોકે, જેન્ટલમેન ગેમ તરીકે ઓળખાતા ક્રિકેટમાં, સાયમન્ડ્સની ઓળખ 'બેડ બોય' તરીકે હતી. 2009ના વર્લ્ડકપ દરમિયાન, સાયમન્ડ્સે એક અંગ્રેજી ક્લબમાં ખૂબ દારૂ પીધો અને બીજા દિવસે પ્રેક્ટિસમાં પણ પહોંચ્યો નહોતો. આમ તેણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના નિયમોનો અનાદર કરીને ઘણાં નિયમો તોડ્યા હતા. પરિણામે T20 વર્લ્ડકપની પૂર્વસંધ્યાએ, સાયમન્ડ્સને અનુશાસનહીન વર્તન બદલ ઘરે મોકલી દેવામાં આવ્યો હતો અને તેની જગ્યાએ કેમેરોન વ્હાઇટને ટીમમાં સામેલ કર્યો.




## નાટકબાજ પાકિસ્તાનનો ભારત સામેની મેચ ન રમવાનો નિર્ણય

બાંગ્લાદેશને આ રીતે બહાર કરવાથી ભારતનો બીજો પાડોશી દેશ પાકિસ્તાન ગુસ્સે ભરાયું. તેણે ICCના વોટિંગમાં બાંગ્લાદેશની તરફેણમાં વોટ આપ્યો હતો પણ તેના સિવાય અન્ય કોઇએ બાંગ્લાદેશનું સમર્થન કર્યું નહોતું. PCBના વડા મોહસીન નક્વીએ આ મામલે પાકિસ્તાની વડાપ્રધાન સાથે ચર્ચા કરી અને તે પછી પાકિસ્તાનની સરકારે 15 ફેબ્રુઆરીએ ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો. આ પછી, ICC એ પાકિસ્તાનને તેના નિર્ણયથી પાછા હટવાની ચેતવણી આપી. જો પાકિસ્તાન આમ નહીં કરે, તો તેમના દેશના ક્રિકેટનું ભવિષ્ય જોખમમાં મુકાઇ શકે છે.

## ટી-20 વર્લ્ડકપ 2026નું સંપૂર્ણ શેડ્યુલ

| તારીખ | મેચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| 7 ફેબ્રુઆરી | પાકિસ્તાન વિ. નેધરલેન્ડ | કોલંબો | સવારે 11 વાગ્યે |
| 7 ફેબ્રુઆરી | વેસ્ટઇન્ડિઝ વિ. સ્કોટલેન્ડ | કોલકાતા | બપોરે 03 વાગ્યે |
| 7 ફેબ્રુઆરી | ભારત વિ. અમેરિકા | મુંબઇ | સાંજે 07 વાગ્યે |
| 8 ફેબ્રુઆરી | ન્યૂઝીલેન્ડ વિ. અફઘાનિસ્તાન | ચેન્નાઇ | સવારે 11 વાગ્યે |
| 8 ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ વિ. નેપાળ | મુંબઇ | બપોરે 03 વાગ્યે |
| 8 ફેબ્રુઆરી | શ્રીલંકા વિ. આયર્લેન્ડ | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 9 ફેબ્રુઆરી | સ્કોટલેન્ડ વિ. ઇટાલી | કોલકાતા | સવારે 11 વાગ્યે |
| 9 ફેબ્રુઆરી | ઝિમ્બાબ્વે વિ. ઓમાન | કોલંબો | બપોરે 03 વાગ્યે |
| 9 ફેબ્રુઆરી | દ. આફ્રિકા વિ. કેનેડા | અમદાવાદ | સાંજે 07 વાગ્યે |
| 10 ફેબ્રુઆરી | નેધરલેન્ડ વિ. નામિબિયા | દિલ્હી | સવારે 11 વાગ્યે |
| 10 ફેબ્રુઆરી | ન્યૂઝીલેન્ડ વિ. યુએઇ | ચેન્નાઇ | બપોરે 03 વાગ્યે |
| 10 ફેબ્રુઆરી | પાકિસ્તાન વિ. અમેરિકા | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 11 ફેબ્રુઆરી | દ. આફ્રિકા વિ. અફઘાનિસ્તાન | અમદાવાદ | સવારે 11 વાગ્યે |
| 11 ફેબ્રુઆરી | ઓસ્ટ્રેલિયા વિ. આયર્લેન્ડ | કોલંબો | બપોરે 03 વાગ્યે |
| 11 ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ વિ. વેસ્ટઇન્ડિઝ | મુંબઇ | સાંજે 07 વાગ્યે |
| 12 ફેબ્રુઆરી | શ્રીલંકા વિ. ઓમાન | કેન્ડી | સવારે 11 વાગ્યે |
| 12 ફેબ્રુઆરી | નેપાળ વિ. ઇટાલી | મુંબઇ | બપોરે 03 વાગ્યે |
| 12 ફેબ્રુઆરી | ભારત વિ. નામિબિયા | દિલ્હી | સાંજે 07 વાગ્યે |
| 13 ફેબ્રુઆરી | ઓસ્ટ્રેલિયા વિ. ઝિમ્બાબ્વે | કોલંબો | સવારે 11 વાગ્યે |
| 13 ફેબ્રુઆરી | કેનેડા વિ. યુએઇ | દિલ્હી | બપોરે 03 વાગ્યે |
| 13 ફેબ્રુઆરી | અમેરિકા વિ. નેધરલેન્ડ | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 14 ફેબ્રુઆરી | આયર્લેન્ડ વિ. ઓમાન | કોલંબો | સવારે 11 વાગ્યે |
| 14 ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ વિ. સ્કોટલેન્ડ | કોલકાતા | બપોરે 03 વાગ્યે |
| 14 ફેબ્રુઆરી | ન્યૂઝીલેન્ડ વિ. દ.આફ્રિકા | અમદાવાદ | સાંજે 07 વાગ્યે |
| 15 ફેબ્રુઆરી | વેસ્ટઇન્ડિઝ વિ. નેપાળ | મુંબઇ | સવારે 11 વાગ્યે |
| 15 ફેબ્રુઆરી | અમેરિકા વિ. નામિબિયા | ચેન્નાઇ | બપોરે 03 વાગ્યે |
| 15 ફેબ્રુઆરી | ભારત વિ. પાકિસ્તાન | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 16 ફેબ્રુઆરી | અફઘાનિસ્તાન વિ. યુએઇ | દિલ્હી | સવારે 11 વાગ્યે |
| 16 ફેબ્રુઆરી | ઈંગ્લેન્ડ વિ. ઇટાલી | કોલકાતા | બપોરે 03 વાગ્યે |
| 16 ફેબ્રુઆરી | ઓસ્ટ્રેલિયા વિ. શ્રીલંકા | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 17 ફેબ્રુઆરી | ન્યૂઝીલેન્ડ વિ. કેનેડા | ચેન્નાઇ | સવારે 11 વાગ્યે |
| 17 ફેબ્રુઆરી | આયર્લેન્ડ વિ. ઝિમ્બાબ્વે | કેન્ડી | બપોરે 03 વાગ્યે |
| 17 ફેબ્રુઆરી | સ્કોટલેન્ડ વિ. નેપાળ | મુંબઇ | સાંજે 07 વાગ્યે |
| 18 ફેબ્રુઆરી | દ. આફ્રિકા વિ. યુએઇ | દિલ્હી | સવારે 11 વાગ્યે |
| 18 ફેબ્રુઆરી | પાકિસ્તાન વિ. નામિબિયા | કોલંબો | બપોરે 03 વાગ્યે |
| 18 ફેબ્રુઆરી | ભારત વિ. નેધરલેન્ડ | અમદાવાદ | સાંજે 07 વાગ્યે |
| 19 ફેબ્રુઆરી | વેસ્ટઇન્ડિઝ વિ. ઇટાલી | કોલકાતા | સવારે 11 વાગ્યે |
| 19 ફેબ્રુઆરી | શ્રીલંકા વિ. ઝિમ્બાબ્વે | કોલંબો | બપોરે 03 વાગ્યે |
| 19 ફેબ્રુઆરી | અફઘાનિસ્તાન વિ. કેનેડા | ચેન્નાઇ | સાંજે 07 વાગ્યે |
| 20 ફેબ્રુઆરી | ઓસ્ટ્રેલિયા વિ. ઓમાન | કેન્ડી | સાંજે 07 વાગ્યે |
| 21 ફેબ્રુઆરી | સુપર સિક્સ પહેલી મેચ | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 22 ફેબ્રુઆરી | સુપર સિક્સ બીજી મેચ | કેન્ડી | બપોરે 03 વાગ્યે |
| 22 ફેબ્રુઆરી | સુપર સિક્સ ત્રીજી મેચ | અમદાવાદ | સાંજે 07 વાગ્યે |
| 23 ફેબ્રુઆરી | સુપર સિક્સ ચોથી મેચ | મુંબઇ | સાંજે 07 વાગ્યે |
| 24 ફેબ્રુઆરી | સુપર સિક્સ પાંચમી મેચ | કેન્ડી | સાંજે 07 વાગ્યે |
| 25 ફેબ્રુઆરી | સુપર સિક્સ છઠ્ઠી મેચ | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 26 ફેબ્રુઆરી | સુપર સિક્સ સાતમી મેચ | અમદાવાદ | બપોરે 03 વાગ્યે |
| 26 ફેબ્રુઆરી | સુપર સિક્સ આઠમી મેચ | ચેન્નાઇ | સાંજે 07 વાગ્યે |
| 27 ફેબ્રુઆરી | સુપર સિક્સ નવમી મેચ | કોલંબો | સાંજે 07 વાગ્યે |
| 28 ફેબ્રુઆરી | સુપર સિક્સ દસમી મેચ | કેન્ડી | સાંજે 07 વાગ્યે |
| 01 માર્ચ | સુપર સિક્સ અગિયારમી મેચ | દિલ્હી | બપોરે 03 વાગ્યે |
| 01 માર્ચ | સુપર સિક્સ બારમી મેચ | કોલકાતા | સાંજે 07 વાગ્યે |
| 04 માર્ચ | પહેલી સેમી ફાઇનલ | | સાંજે 07 વાગ્યે |
| 05 માર્ચ | બીજી સેમી ફાઇનલ | | સાંજે 07 વાગ્યે |
| 08 માર્ચ | ફાઇનલ | | સાંજે 07 વાગ્યે |

# T20 વર્લ્ડકપમાં નોંધાયેલા રસપ્રદ રેકોર્ડ્સ



### સૌથી વધુ બેટિંગ સરેરાશ વિરાટ કોહલી

ટી20માં સૌથી વધુ સરેરાશનો રેકોર્ડ ભારતના વિરાટ કોહલીના નામે છે. તેણે 16 મેચોમાં 86.33 ની સરેરાશથી 777 રન બનાવ્યા છે. આ સંદર્ભમાં બીજો કોઈ ટી20 બેટ્સમેન તેની બરાબરી કરી શકે નહીં. આ રેકોર્ડ તોડવો કોઈપણ બેટ્સમેન માટે મુશ્કેલ બનશે.

ICC મેન્સ T20 વર્લ્ડ કપના 2026 એડિશનમાં કુલ 20 ટીમો ભાગ લેશે, અને આ મેચો 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન ભારતના પાંચ અને શ્રીલંકાના ત્રણ સ્થળોએ રમાશે. વિશ્વની નંબર 1 T20I ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ સાથે ટાઈટલ માટે ફેવરિટ તરીકે શરૂઆત કરશે . T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં અત્યાર સુધી , કોઈ પણ યજમાન રાષ્ટ્ર ક્યારેય ICC ટ્રોફી જીતી શક્યું નથી, અને કોઈ પણ ટીમ સફળતાપૂર્વક પોતાનું ટાઈટલ બચાવવામાં સફળ રહી નથી. સૂર્યકુમારની આગેવાનીમાં ભારતીય ખેલાડીઓએ ફક્ત ઘરઆંગણાના ચાહકો સામે વિરોધી ટીમોને હરાવવાનું દ નહીં પરંતુ ભૂતકાળમાં કોઈ અન્ય ટીમે જે કર્યું નથી તે પણ કરવું પડશે. આ વર્ષના T20 વર્લ્ડકપમાં ઘણી બધી હાઈ-સ્કોરિંગ મેચો જોવા મળશે તેવી અપેક્ષા છે, અને ખેલાડીઓ રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવવા માટે અનેક રેકોર્ડ (બેટિંગ અને બોલિંગમાં) તોડવાનો પ્રયાસ કરશે. સૌથી વધુ ટાઈટલથી લઈને ટૂર્નામેન્ટમાં કે પછી એક મેચમાં સર્વાધિક રન અને વિકેટ ઉપરાંત એક મેચમાં સર્વાધિક છગ્ગા સહિતના કેટલાક રેકોર્ડ્સ અત્યાર સુધીના તમામ T20 વર્લ્ડકપમાં નોંધાઈ ચૂક્યા છે અને આ વર્લ્ડકપમાં તેમાં કેટલાક નવાનો ઉમેરો થઈ શકે છે.

### સૌથી વધુ રનની ભાગીદારી જયવર્ધને-સંગાકારા

શ્રીલંકાના મહેલા જયવર્ધને અને કુમાર સંગાકારાએ 2010ના વર્લ્ડ કપમાં વેસ્ટ ઇન્ડીઝ સામે બીજી વિકેટ માટે 166 રનની ભાગીદારી કરીને એક નવો રેકોર્ડ બનાવ્યો હતો. આ રેકોર્ડ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી.

### એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા ક્રિસ ગેલ

ટી20 વર્લ્ડકપમાં એક જ ઇનિંગમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો રેકોર્ડ ક્રિસ ગેઇલના નામે છે. ગેઇલે 2016ના વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે એક ઇનિંગમાં 11 સિક્સર ફટકારી હતી. ટી20 વર્લ્ડ કપમાં આ રેકોર્ડ તૂટવાની શક્યતા ખૂબ જ ઓછી લાગે છે.

### સૌથી વધુ ટીમ સ્કોર શ્રીલંકા

૨૦૦૭ના T20 વર્લ્ડ કપમાં, શ્રીલંકાએ કેન્યા સામે ૬ વિકેટે ૨૬૦ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ વર્લ્ડ કપમાં કોઈપણ ટીમ દ્વારા બનાવેલ સૌથી વધુ સ્કોર છે. હજુ સુધી કોઈ પણ ટીમ શ્રીલંકાના આ રેકોર્ડને તોડી શકી નથી. ક્રિકેટને અનિશ્ચિતતાઓની રમત તરીકે ઓળખવામાં આવે છે. ચાલો જોઈએ કે આ વર્લ્ડ કપમાં આ રેકોર્ડ કોણ તોડી શકે છે.

### T20 વર્લ્ડકપ વિજેતાઓની યાદી (2007-2024)

| વર્ષ | વિજેતા | રનર અપ | યજમાન દેશ | વિજેતા કેપ્ટન |
|---|---|---|---|---|
| 2007 | ભારત | પાકિસ્તાન | દક્ષિણ આફ્રિકા | એમએસ ધોની |
| 2009 | પાકિસ્તાન | શ્રીલંકા | ઈંગ્લેન્ડ | યૂનિસ ખાન |
| 2010 | ઈંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા | વેસ્ટઇન્ડિઝ | પોલ કોલિંગવુડ |
| 2012 | વેસ્ટઇન્ડિઝ | શ્રીલંકા | શ્રીલંકા | ડેરન સામી |
| 2014 | શ્રીલંકા | ભારત | બાંગ્લાદેશ | લસિથ મલિંગા |
| 2016 | વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ | ભારત | ડેરન સામી |
| 2021 | ઓસ્ટ્રેલિયા | નૂઝીલેન્ડ | યુએઇ-ઓમાન | એરોન ફિન્સ |
| 2022 | ઈંગ્લેન્ડ | પાકિસ્તાન | ઓસ્ટ્રેલિયા | જોસ બટલર |
| 2024 | ભારત | દક્ષિણ આફ્રિકા | યુએસએ/વિન્ડીઝ | રોહિત શર્મા |

### મુખ્ય હાઇલાઇટ્સ અને રેકોર્ડ્સ

- ભારતની 17 વર્ષની રાહ : ભારતે 2007 માં પ્રથમ આવૃત્તિ જીતી હતી અને પછી 2024 સુધી રાહ જોઈ, દક્ષિણ આફ્રિકાને રોમાંચક ફાઇનલમાં હરાવીને ફરીથી ટ્રોફી જીતી.
- ડબલ ચેમ્પિયન: ફક્ત ત્રણ ટીમોએ બે વાર ટુર્નામેન્ટ જીતી છે: વેસ્ટ ઈન્ડિઝ (2012, 2016), ઈંગ્લેન્ડ (2010, 2022), અને ભારત (2007, 2024).
- અપરાજિત સિલસિલો : 2024 ની આવૃત્તિમાં, ભારત સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ હાર્યા વિના T20 વર્લ્ડ કપ જીતનાર ઇતિહાસની પ્રથમ ટીમ બની.
- સૌથી સફળ કેપ્ટન: ડેરેન સેમી એકમાત્ર કેપ્ટન છે જેમણે પોતાની ટીમ (વેસ્ટ ઈન્ડિઝ) ને બે T20 વર્લ્ડ કપ ટાઇટલ અપાવ્યા છે.

### T20 વર્લ્ડકપ 2007થી 2024 દરમિયાનના શ્રેષ્ઠ પ્રદર્શન

| વર્ષ | શ્રેષ્ઠ બેટ્સમેન | દેશ | રન | શ્રેષ્ઠ બોલર | દેશ | વિકેટ |
|---|---|---|---|---|---|---|
| 2007 | મેથ્યુ હેડન | ઓસ્ટ્રેલિયા | 265 | ઉમર ગુલ | પાકિસ્તાન | 13 |
| 2009 | તિલકરત્ને દિલશાન | શ્રીલંકા | 317 | ઉમર ગુલ | પાકિસ્તાન | 13 |
| 2010 | મહેલા જયવર્દને | શ્રીલંકા | 302 | ગ્રીમ સ્વાન | ઈંગ્લેન્ડ | 10 |
| 2012 | શેન વોટસન | ઓસ્ટ્રેલિયા | 249 | અજંથા મેન્ડિસ | શ્રીલંકા | 15 |
| 2014 | વિરાટ કોહલી | ભારત | 319 | ઈમરાન તાહિર | દક્ષિણ આફ્રિકા | 12 |
| 2016 | તમીમ ઈકબાલ | બાંગ્લાદેશ | 295 | મોહમ્મદ નબી | અફઘાનિસ્તાન | 12 |
| 2021 | બાબર આઝમ | પાકિસ્તાન | 303 | વાનિન્દુ હસરંગા | શ્રીલંકા | 16 |
| 2022 | વિરાટ કોહલી | (ભારત) | 296 | વાનિન્દુ હસરંગા | (શ્રીલંકા) | 15 |
| 2024 | રહમાનુલ્લાહ ગુરબાઝ | અફઘાનિસ્તાન | 281 | અર્શદીપ સિંહ | ભારત | 17 |

### કેટલાક ખાસ રેકોર્ડ્સ :

- વિરાટ કોહલી: તે એકમાત્ર એવો ખેલાડી છે જે બે અલગ-અલગ T20 વર્લ્ડ કપ (2014 અને 2022) માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રહ્યો છે.
- વાનિન્દુ હસરંગાએ સતત બે વર્લ્ડ કપ (2021 અને 2022) માં સૌથી વધુ વિકેટ ઝડપીને રેકોર્ડ બનાવ્યો છે.
- ફઝલહક ફારૂકી અને ભારતના અર્શદીપ સિંહે 2024માં 17-17 વિકેટ ઝડપીને એક જ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે.




### સૌથી ઝડપી સદી ક્રિસ ગેલ

ટી20 વર્લ્ડ કપમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ક્રિસ ગેઇલના નામે છે. 2016ના વર્લ્ડ કપમાં ગેઇલે માત્ર 48 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ ટી20 વર્લ્ડ કપમાં ગેઇલનો રેકોર્ડ તોડવો કોઈપણ બેટ્સમેન માટે મુશ્કેલ બનશે.

- » સૌથી વધુ બે ટાઇટલ : ભારત, વેસ્ટ ઇન્ડીઝ અને ઈંગ્લેન્ડ
- » સૌથી વધુ ત્રણ ફાઇનલ : ભારત, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ અને શ્રીલંકા
- » સૌથી વધુ મેચ રમનારી ટીમ : શ્રીલંકા 54 મેચ
- » સૌથી વધુ મેચ રમનારો ખેલાડી : ભારતનો રોહિત શર્મા 47 મેચ
- » કેપ્ટન તરીકે સૌથી વધુ મેચ : ભારતનો એમએસ ધોની 33 મેચ.
- » સૌથી વધુ જીત મેળવનારી ટીમ : ભારત દ્વારા 52 મેચમાં 35 જીત.
- » ખેલાડી તરીકે સૌથી વધુ જીત : ભારતનો રોહિત શર્મા 47 મેચમાં 33 જીત.
- » કેપ્ટન તરીકે સૌથી વધુ જીત : ભારતનો એમએસ ધોની 33 મેચમાં 20 જીત.
- » સૌથી વધુ મેચ હારનારી ટીમ : બાંગ્લાદેશ 45 મેચમાં 32 હાર.
- » ખેલાડી તરીકે સૌથી વધુ હાર : બાંગ્લાદેશનો શાકિબ અલ હસન 43 મેચમાં 30 હાર.
- » કેપ્ટન તરીકે સૌથી વધુ હાર : ભારતનો એમએસ ધોની 33 મેચમાં 11 હાર.
- » એક જ એડિશનમાં સૌથી વધુ જીત : 2024 માં ભારત દ્વારા 8 મેચમાં 8 જીત.
- » સૌથી વધુ સ્કોર : 2007માં જોહાનિસબર્ગમાં કેન્યા સામે શ્રીલંકા દ્વારા ૨૦ ઓવરમાં ૨૬૦/૬.
- » ન્યૂનતમ સ્કોર : 2014માં ચટ્ટોગ્રામમાં શ્રીલંકા સામે નેધરલેન્ડ્સ દ્વારા ૧૦.3 ઓવરમાં ૩૯/૧૦.
- » રનની દૃષ્ટિએ સૌથી મોટી જીત : શ્રીલંકાએ 2007માં જોહાનિસબર્ગમાં કેન્યાને 172 રનથી હરાવ્યું.
- » વિકેટની દૃષ્ટિએ સૌથી મોટી જીત : ઈંગ્લેન્ડે 2022માં એડિલેડમાં ભારતને 10 વિકેટથી હરાવ્યું.
- » સૌથી વધુ બોલ બાકી રાખીને જીત : ૨૦૨૪નામાં નોર્થ સાઉન્ડમાં ઈંગ્લેન્ડે ઓમાનને ૧૦૧ બોલ બાકી રાખી હરાવ્યું
- » રનની દૃષ્ટિએ સૌથી નાની જીત : દક્ષિણ આફ્રિકાએ 12024માં કિંગ્સટાઉનમાં નેપાળને 1 રનથી હરાવ્યું.
- » ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન : ભારત વતી વિરાટ કોહલી 35 મેચમાં 1292 રન.
- » સૌથી વધુ વ્યક્તિગત સ્કોર : 2012માં પલ્લેકેલેમાં બાંન્યુઝીલેન્ડના બ્રેન્ડન મેક્કુલમ દ્વારા ૫૮ બોલમાં ૧૨૩ રન.
- » ખેલાડીની સૌથી વધુ સરેરાશ : ઓસ્ટ્રેલિયાનો મેથ્યુ હેડન 88.33 (છ મેચમાં 265 રન).
- » ખેલાડીની સૌથી વધુ સ્ટ્રાઇક રેટ : ઈંગ્લેન્ડનો જોસ બટલર 147.23 (35 મેચમાં 1013 રન).
- » સૌથી વધુ સદી : વેસ્ટ ઇન્ડીઝનો ક્રિસ ગેલ 33 મેચમાં 2 સદી.
- » સૌથી વધુ 50 : ભારતનો વિરાટ કોહલી 35 મેચમાં 15 અડધી સદી.
- » સૌથી વધુ શૂન્ય : પાકિસ્તાનનો શાહિદ આફ્રિદી અને શ્રીલંકાના તિલકરત્ને દિલશાન 5-5 શૂન્ય.
- » સૌથી વધુ છગ્ગા : વેસ્ટ ઇન્ડીઝનો ક્રિસ ગેલ 33 મેચમાં 63 મહત્તમ છગ્ગા.
- » એક ઇનિંગમાં સૌથી વધુ છગ્ગા : વેસ્ટ ઇન્ડીઝના ક્રિસ ગેલ 2016માં વાનખેડે પર ઈંગ્લેન્ડ સામે 11 છગ્ગા.